DGVCLનીભરતી:કોંગ્રેસ-આપનાંધરણા

વીજ કંપનીમાં સ્થાનિક યુવાનોને બદલે દિલ્હીની ખાનગી એજન્સીઓને કોન્ટ્રાક્ટ આપવાનો વિરોધ કરાયો

સુરતઃ દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં ભરતી પ્રક્રિયાને લઈ ઊભા થયેલા તોફાનમાં નવાં પાસાં ઉમેરાયાં છે. સ્થાનિક યુવાનો તરફથી સરકારી નોકરીની આશા રાખવામાં આવી રહી હોવા છતાં કંપની દ્વારા ખાનગી એજન્સીઓ મારફતે જ વધુ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી રહી હોવાનો પ્રશ્ન વધુ તીવ્ર બની રહ્યો છે.

ખાસ કરીને 10 મહિનાથી અટકેલી ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટની ભરતી, વેઈટિંગ લિસ્ટમાં સામેલ હજારો યુવાનો અને બીજી તરફ માત્ર 65 ઉમેદવારને જ કાયમી ઓર્ડર આ પરિસ્થિતિએ યુવાનોમાં અસંતોષ વધાર્યો છે.

કંપની વિરુદ્ધ ચીમકી ઉચ્ચારતાં ધરમપુર બેઠકના કોંગ્રેસ ધારાસભ્ય અનંત પટેલ અને ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા શુક્રવારે મોટી સંખ્યામાં યુવાનો સાથે સુરત ખાતે પહોંચ્યા હતા.

બંને આગેવાનોએ આક્ષેપ કર્યો કે, વીજ કંપની સ્થાનિક યુવાનોને કાયમી નોકરી આપવાને બદલે દિલ્હીની ખાનગી એજન્સીઓને કોન્ટ્રાક્ટ આપી રહી છે. જેના કારણે યુવાનોને ઓછી પગારવાળી, અનિશ્ચિતતા-ભરેલી પેટા કોન્ટ્રાક્ટ નોકરીઓ સ્વીકારવા મજબૂર થવું પડી રહ્યું છે.

ચૈતર વસાવાએ જણાવ્યું કે, ભરૂચ, નર્મદા અને વલસાડ વિભાગોમાં મળી ઈલેક્ટ્રિક આસિસ્ટન્ટની 1800થી વધુ જગ્યાઓ ખાલી હોવાનું જણાઈ આવ્યું હતું. 19 જાન્યુઆરી-2025માં યોજાયેલી લેખિત પરીક્ષા પછી 1864 ઉમેદવારનું મેરિટ લિસ્ટ જાહેર કરાયું હતું. પરંતુ લાંબો સમય વીતી ગયા છતાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી નથી. માત્ર 65 ઉમેદવારને જ કાયમી ઓર્ડર આપવામાં આવ્યા છે," એમ વસાવાએ જણાવ્યું હતું.

DGVCLમાં ઈલેક્ટ્રિકલ આસિ.ની તમામ 2906 જગ્યા ભરાઈ ગઈ: અધિકારી

DGVCLના મેનેજમેન્ટે જણાવ્યું છે કે, હાલ વિદ્યુત સહાયક (ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ)ની કુલ ૨૯૦૬ જગ્યાઓ મંજૂર છે. છેલ્લા છ મહિનામાં ખાલી પડેલી ૧૯૫ જગ્યાઓમાં નવી નિમણૂકો પૂર્ણ કરી દેવામાં આવી છે. કંપની દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મંજૂર ૨૯૦૬ મહેકમ મુજબ હાલ બધી જગ્યાઓ સંપૂર્ણ ભરાઈ ગઈ છે અને કોઈપણ સ્થાન ખાલી નથી. DGVCL દ્વારા વધુમાં જણાવાયું છે કે ભવિષ્યમાં ખાલી થનારી જગ્યાઓ માટે અગાઉથી તૈયાર કરેલ એપ્રેન્ટિસની યાદીમાંથી લેખિત તથા શારીરિક પરીક્ષા આધારિત પસંદગી કરવામાં આવશે. યોગ્ય ઉમેદવારોને તબક્કાવાર નિમણૂકો આપવામાં આવશે.

કંપની પર આર્થિક શોષણના આક્ષેપો પણ કરવામાં આવ્યા

બંને ધારાસભ્યોએ આક્ષેપ કર્યો કે, ખાનગી એજન્સી દ્વારા પેટા કોન્ટ્રાક્ટ આપી યુવાનોનું આર્થિક શોષણ કરવામાં આવે છે. કંપનીમાં ખરેખર જરૂર છે એટલી ભરતી કરવામાં ન આવતાં કર્મચારીઓ પર વધારાનો ભાર પડે છે અને યુવાનોને કાયમી સરકારી નોકરીનો લાભ મળતો નથી.

બાકીના ઉમેદવારોને ખાનગી એજન્સી દ્વારા કોન્ટ્રાક્ટ પર કામ કરવાની 'મજબૂરી' ઊભી કરવામાં આવી રહી છે, જેથી "સ્થાનિક બેરોજગાર યુવાનો સાથે સીધી છેતરપિંડી" ગણાવી વિરોધ કર્યો હતો. આંદોલનમાં મોટી સંખ્યામાં યુવાનો જોડાતાં સ્થળ પર ભારે ગરમાગરમી જોવા મળી હતી. ધારાસભ્યએ ચેતવણી આપી કે, જો ભરતી પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વધુ વ્યાપક અને ઉગ્ર આંદોલન કરવામાં આવશે."

પત્નીની હત્યા કર્યા પછી પતિએ પણ ઝેર પી આપઘાત કર્યો

જંબુસરના સામોજ ગામમાં રહેતા બુધેસંગ પઢિયારે ખેતરમાં જ પોતાની પત્નીની હત્યા કરી હતી

પત્નીની હત્યા બાદ તેણે પણ ઝેર પી લેતાં હોસ્પિટલમાં લઈ જવાયો પણ બચ્યો નહીં

ભરૂચઃ જંબુસર તાલુકાના સામોજ ગામમાં શુક્રવારે એક હૃદયદ્રાવક અને ચોંકાવનારી ઘટના બની છે, જેમાં અગમ્ય કારણોસર પતિએ પોતાની જ પત્નીની તીક્ષ્ણ હથિયાર વડે નિર્દયીની હત્યા કરી નાંખી હતી. ઘટના બાદ પતિએ પણ ઝેરી દવા ગટગટાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો, પરંતુ બાદમાં તેનું પણ મોત નીપજ્યું છે. ગામમાં પતિ-પત્નીનાં બે મોતથી શોકનો માહોલ ફેલાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર જંબુસરના સામોજ ગામના બુધેસંગ શંકરભાઈ પઢિયાર (ઉ.વ.55)એ અગમ્ય કારણોસર પોતાની પત્ની ગીતાબેન (ઉ.વ.40)ને ખેતરમાં તીક્ષ્ણ હથિયાર વડે નિર્મમ હત્યા કરી હતી. આ કૃત્ય બાદ તેણે પણ ઝેરી દવા ગટગટાવી જઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેના કારણે મોઢામાં ફેદરા આવતાં તેની સ્થિતિ નાજૂક બની ગઈ હતી. સ્થાનિક ગ્રામજનોએ બુધેસંગને તાત્કાલિક જંબુસર આરોગ્ય કેન્દ્રમાં ખસેડ્યો હતો, જ્યાંથી તેને વધુ સારવાર માટે વડોદરા SSG હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

ઘટનાની જાણ થયા બાદ વેડચ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને મૃતક ગીતાબેનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસને હત્યા તથા આત્મહત્યા પાછળનાં કારણો શોધવા માટે તપાસ શરૂ કરી છે. જો કે, પતિ-પત્ની વચ્ચે કોઈ મતભેદ કે શું પરિસ્થિતિઓ હતી કે જેને કારણે આ દુઃખદ ઘટના સર્જાઈ હતી એ રહસ્ય પોલીસને જાણવા મળ્યું નથી. જો કે, એકબીજા વચ્ચે કોઈક અણબનાવ બન્યો હોય જેને કારણે કરુણ અંત આવ્યો હોય એવું અનુમાન છે. આ ઘટનાને ગંભીરતાથી લઈ વેડચ પોલીસ વિભાગના PI સાઠે તપાસ ચલાવી રહ્યા છે.

મતદાર ફોર્મના ડિજિટાઈઝેશનમાં પછાત મનાતો ડાંગ જિલ્લો મોખરે

રાજ્યમાં 81%થી વધુ મતદાતા ગણતરી ફોર્મનું ડિજિટાઈઝેશન થઈ ગયું

ટોપ-10 જિલ્લાઓમાં મોટાં શહેરોના જિલ્લાઓ આવતા જ નથી

ગાંધીનગરઃ સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં 2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં 100% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં 100% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીમાં 89.28 % ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે. ગણતરી દરમિયાન રાજ્યભરમાં 13.1 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે 2.44 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 16 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત 2 લાખ જેટલા મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. હારિત શુક્લાએ કહ્યું હતું કે મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશનો હેતુ "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય" તે જોવાનો છે.મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

ટોપ-10 જિલ્લાઓની યાદી

ક્રમ	જિલ્લો	ટકાવારી
1	ડાંગ	89.61
2	બનાસકાંઠા	84.99
3	સાબરકાંઠા	84.18
4	પંચમહાલ	82.67
5	પાટણ	82.25
6	મહીસાગર	81.13
7	જૂનાગઢ	80.30
8	છોટા ઉદેપુર	79.26
9	ખેડા	79.17
10	દાહોદ	79.01

દેશનું ફોરેક્સ રિઝર્વ મજબૂત મોંઘવારી પણ નિયંત્રણમાં

ભારતના આર્થિક વિકાસ અને સરકાર દ્વારા સુશાસનની વ્યૂહરચનાઓ પર કેન્દ્રીય કેબિનેટ સેક્રેટરી ટી.વી.સોમનાથન દ્વારા માર્ગદર્શન અપાયું

ધરમપુર, વલસાડ,ગાંધીનગર : રાજ્ય સરકાર દ્વારા ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાઈ રહેલી ૧૨મી 'ચિંતન શિબિર-૨૦૨૫'ના બીજા દિવસે કેન્દ્ર સરકારના કેબિનેટ સેક્રેટરી ટી.વી.સોમનાથને જણાવ્યું કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ વચ્ચે સમન્વય રાષ્ટ્રના વિકાસ અને જાહેર વહીવટને સરળ, સુગમ અને પ્રજા કેન્દ્રી બનાવે છે. એક તરફ ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકઈચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે અધિકારીઓ નિયમ અને પ્રક્રિયાઓનું પાલન સુનિશ્ચિત કરે છે.

ટી.વી.સોમનાથને વધુમાં કહ્યું કે, દેશને વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્રના રૂપે આગળ ધપાવવાના ધ્યેય સાથે કેન્દ્ર સરકાર આર્થિક વિકાસ, ઉદ્યોગોને પ્રોત્સાહનની નીતિ, સરળ વ્યાપારી માહોલ અને ગુડ ગવર્નન્સ તરફ વધુ સક્રિય પગલાં ભરી રહી છે.

ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપના ઉદ્યમીઓને ઘણીવાર ટેક્સ વિભાગો દ્વારા બિનજરૂરી હેરાનગતિ ન થાય એ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સ્તરે આ પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે નીતિગત પ્રયત્નો ચાલી રહ્યા છે. ભારત વિકાસની યોગ્ય નીતિઓ, સુધારેલી શાસનવ્યવસ્થા અને ચૂંટાયેલી પાંખ તથા વહીવટી તંત્ર વચ્ચેના ગાઢ સમન્વયથી ભારત 2047 સુધી વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય ચોક્કસ હાંસલ કરશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

તેમણે વધુમાં કહ્યું કે, ભારતનું ફોરેક્સ રિઝર્વ મજબૂત છે, મોંઘવારી નિયંત્રણમાં છે. રોજગાર સર્જનમાં વૃદ્ધિ થઈ રહી છે અને રાજકોષીય સ્થિતિ સ્થિર છે જે સર્વાંગી વિકાસ માટે શુભ સંકેત છે. છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં કરોડો લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે. નાગરિક સુખાકારી આધારિત નીતિઓ, નાણાકીય વ્યવસ્થાપણ, પી.એમ. આવાસો જેવા સસ્તા ઘર, સ્વચ્છતા અભિયાન અને સામાજિક સુરક્ષા યોજનાઓના પરિણામો છે.

વરાડમાં 2 કિ.મી. રસ્તાને ડામરનો બનાવવાનું શરૂ

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂ.૯૬ લાખના ખર્ચે આ રસ્તાનું કાર્ય કરાશે

સુરતઃ બારડોલી તાલુકાના વરાડ ગામે ચુડીમાતા મંદિરથી અતુલભાઈ રમેશભાઈ પટેલના વગા થકી રાજપુર-આલુંભા તરફ જતા કાચા રસ્તાનું ડામરીકરણ કાર્ય સત્તાવાર રીતે શરૂ કરવામાં આવ્યું છે.

ખેતરાડી વિસ્તારમાંથી પસાર થતો આ માર્ગ ગામોને સ્ટેટ હાઈવે સાથે સીધી કનેક્ટિવિટી આપે છે, જેને કારણે ગ્રામિણ વિસ્તારોમાં પરિવહન સુવિધાઓ વધુ સુગમ બનશે. ૨.૦૦ કિલોમીટર લંબાઈ ધરાવતા અને રૂ. ૯૬ લાખના અંદાજીત ખર્ચે તૈયાર થનારા આ માર્ગનું ડામરીકરણ સ્થાનિક ખેડૂતોએ લાંબા સમયથી માંગણી કરી હતી.

રસ્તો બનતા ખેતપેદાશોનું બજારો સુધી ઝડપી અને સરળ પરિવહન શક્ય બનશે. આ માર્ગ સ્ટેટ હાઈવે સાથે જોડાતો હોવાથી ગામના લોકો માટે મુસાફરીમાં સુવિધા વધશે. ખેડૂતોને પણ તેનો લાભ મળશે.

અનુસંધાન ... પાના પહેલાનું

ત્રીજા વિશ્વના દેશો...

આવશે. માત્ર રિવર્સ ઈમિગ્રેશન જ આ પરિસ્થિતિને સંપૂર્ણપણે ઠીક કરી શકે છે. તે સિવાય, બધાને થેંક્સ ગિવિંગ ડેની શુભકામનાઓ, સિવાય કે જેઓ અમેરિકા જેનું પ્રતિનિધિત્વ કરે છે તે બધાને નફરત કરે છે, ચોરી કરે છે, હત્યા કરે છે અને નાશ કરે છે - તમે અહીં લાંબા સમય સુધી નહીં રહેશો! એમ તેમણે કહ્યું હતું.

ટ્રમ્પે એક નેશનલ ગાર્ડ સભ્યના મૃત્યુ બાદ લશ્કરી અને સુરક્ષા કર્મચારીઓને સંબોધન કરતા આ વાતો ઉચ્ચારી હતી. તેમણે અગાઉના બાઈડન પ્રશાસનની પણ સખત ઝાટકણી કાઢી હતી જેણે અફઘાનિસ્તાનમાં તાલીબાનોએ શાસન સંભાળ્યું તેના પછી ત્યાંથી ભાગી રહેલા હજારો અફઘાનોને પુરતી ચકાસણી વિના જ અમેરિકામાં આશરો આપી દીધો હતો.

૧૯ દેશોના લોકોના...

વિદેશીની શક્ય તેટલી મહત્તમ તપાસ અને ચકાસણી કરવામાં આવે," એમ એડલોએ કહ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ૧૯ દેશો જૂનમાં પ્રમુખની જાહેરાતમાં સંપૂર્ણ અથવા આંશિક પ્રવેશ સસ્પેન્શન જેમના પ લાદવામાં આવ્યો હતો તે દેશો સાથે મેળ ખાય છે કે લગભગ તે જ દેશો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે 26 નવેમ્બરના રોજ વ્હાઈટ હાઉસથી થોડા બ્લોક દૂર બે ગાર્ડ સભ્યો પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેમાંથી એક, 20 વર્ષીય આર્મી સ્પેશિયાલિસ્ટ સારાહ બેકસ્ટ્રોમનું મોત થયું હતું, જ્યારે 24 વર્ષીય યુએસ એરફોર્સ સ્ટાફ સાર્જન્ટ એન્ડ્રુ વુલ્ફની હાલત ગંભીર છે. આના પછી વિવિધ આદેશો જારી કરાયા છે.

દેશનો GDP...

નીતિઓ અને સુધારાઓની અસરને પ્રતિબિંબિત કરે છે. તે આપણા લોકોની મહેનત અને સાહસને પણ પ્રતિબિંબિત કરે છે. અમારી સરકાર સુધારાઓને આગળ વધારવાનું અને દરેક નાગરિક માટે જીવન જીવવાની સરળતાને મજબૂત બનાવવાનું ચાલુ રાખશે," એમ તેમણે X પર એક પોસ્ટમાં કહ્યું.

મદદ કરવા ભારતે...

સુધીમાં 4.5 ટન સૂકું રાશન અને 2 ટન તાજું રાશન પૂરું પાડ્યું છે, જેમાં મુખ્ય ખોરાક, પેકેજ્ડ અને ખાવા માટે તૈયાર વસ્તુઓ, ડેરી અને બેકરી ઉત્પાદનો, પીણાં અને અન્ય પોષક તત્વો સામેલ છે, એમ શ્રીલંકામાં ભારતીય હાઈ કમિશને એક નિવેદનમાં જણાવ્યું હતું. અન્ય પણ કેટલીક રાહત સામગ્રી પહોંચાડવામાં આવી છે એમ તેણે જણાવ્યું હતું.

જેના અધિકારક્ષેત્ર...

કોર્ટને સોંપાયેલ છે જેના સ્થાનિક અધિકારક્ષેત્રમાં બેંકની શાખા આવેલી છે જેમાં પેચી ખાતું ધરાવે છે, એટલે કે, ચેક જેને ચુકવાવાનો હોય તેની હોમ બ્રાન્ચ,," એમ બેન્ચે જણાવ્યું હતું.

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરતની ગ્રીનલેબ...

હતી. અમે તેઓને સમજાવતા તેઓ ફરી કામે ચઢી ગયા હતા. કંપનીએ લેબગ્રોન ડાયમંડની મજૂરીના દરમાં કોઈ ઘટાડો કર્યો નથી. જોકે ગ્રીન લેબની ફેક્ટરી બહાર હડતાળ પર ઉતરેલા રત્નકલાકારોનો વિડીયો ગ્રીનલેબ દ્વારા કરવામાં આવેલા ખુલાસાથી વિપરીત જણાય છે.

2023 માં અમેરીકન ફર્સ્ટ લેડી જીલ જો બિડેનને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 7.5 કેરેટનો ગ્રીન લેબ-ગ્રોન ડાયમંડ ભેટમાં આપ્યો હતો. એ ગ્રીન લેબગ્રોન ડાયમંડ ગ્રીનલેબ કંપનીમાં બન્યો હતો. અને વડાપ્રધાન મોદીને આ હીરો કંપનીના માલિક મુકેશ પટેલે આપ્યો હતો. ગ્રીન લેબમાં હડતાળની વાતો વાઈરલ થતા મેનેજમેન્ટે દમદાટી આપીને હડતાળ પર ઉતરેલા રત્નકલાકારોને ફરી કામે બેસાડી દીધા હતા, જોકે કારીગરોમાં નારાજગી હોવાનું રત્નકલાકારોએ માધ્યમોને જણાવ્યું હતું. ગ્રીનલેબ ડાયમંડ કંપનીમાં રત્નકલાકારો હડતાળ પર ઉતર્યા હોવાના સમાચારો સોશ્યલ મિડીયામાં દાવાનળની જેમ ફેલાયા હતા,

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય લેબગ્રોન ડાયમંડને પ્રમોટ કરવા 2023 માં ત્યારના અમેરિકન પ્રેસિડેન્ટ જો બિડેનના પત્ની અમેરિકન ફસ્ટ લેડી જીલ બિડેનને ગ્રીન લેબગ્રોન ડાયમંડ અમેરિકાની મુલાકાત વખતે ભેંટ આપ્યો હતો.

આ હીરો બનાવનાર કંપની સામે રત્નકલાકારોએ આર્થિક શોષણની ફરીયાદ કરી હડતાળ પાડી હતી. એને લઈ હડતાળ સમેટાઈ લેવા મેનેજમેન્ટને ભારે દોડભાગ કરવી પડી હતી. ગણતરીની મીનિટોમાં સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થઈ જતા કંપનીના સંચાલકોને પ્રતિષ્ઠા, લોકપ્રિયત અને આબરૂ બચાવવી ભારે પડી હતી. રત્નકલાકારોએ કહ્યું હતું કે, ગ્રીન લેબ કંપનીના મેનેજરે કેટલાક રત્નકલાકારોની મજૂરીના ભાવો ઘટાડી દેવાની જાહેરાત કરી હતી. જેને લઈને રત્નકલાકારોમાં ભારે રોષ ફેલાયો હતો. તેઓએ ફેક્ટરી બહાર ટોળે વળી દેખાવો યોજ્યા હતા.

સુરત, મુંબઇ,...

ગ્રીન લેબ-ગ્રોન ડાયમંડ ભેટમાં આપ્યો હતો. જે ભારતની સ્વતંત્રતાના 75 વર્ષનું પ્રતિક છે. યુએસ અધિકારીઓ દ્વારા આશરે $20,000 ની કિંમતનો આ પર્યાવરણ-મૈત્રીપૂર્ણ હીરો, તે વર્ષે વિદેશી નેતા તરફથી બિડેન પરિવારને મળેલી સૌથી મોંઘી ભેટ હતી.

દારૂબંધીના વિવાદમાં...

જીગ્નેશ મેવાણીની ગેરકાયદેસર ચાલતા દારૂના કારોબાર સામેની લડાઈ સમાજના હિતમાં છે, પણ તેનો ઉદ્દેશ માત્ર ને માત્ર રાજકીય છે. તેને કદાચ ખબર નહીં હોય કે દેશમાં દારૂબંધી અમલમાં હોય તેવા બે મોટા રાજ્યો બિહાર અને ગુજરાતમાં ભાજપ સત્તા પર છે. દેશમાં કોંગ્રેસ શાસિત ત્રણ રાજ્યો કર્ણાટક, હિમાચલ પ્રદેશ અને તેલંગાનામાં દારૂબંધી નથી, દારૂના આ દૂષણ સામે ખરેખર ગંભીર હોય તો તેમણે તેમના પક્ષની સરકારો છે, ત્યાં દારૂબંધીનો અમલ કરાવવાની મહેનત કરે. આમ ભાજપના જ સિનિયર નેતા ડૉ. ભરત કાનાબારે રાજ્યની દારૂબંધીની નીતિ સામે સવાલો કરતા સોશિયલ મીડિયાની પોસ્ટથી રાજકીય ગરમાવો આવ્યો છે.

વિદ્યાર્થિની સાથે...

આવી ન હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ચિંતાતુર પિતાએ તેની સ્કૂલની આજુબાજુ શોધખોળ કરી રહ્યા હતા. એટલામાં પત્નીએ ફોન કરીને દીકરી ઘરે આવી હોવાનું જણાવ્યું હતું. ઘરે પહોંચ્યા બાદ પિતાએ દીકરીને સ્કૂલે કેમ ન ગઈ હોવાનું કારણ પૂછ્યું હતું. જેમાં દીકરીએ જણાવ્યું હતું કે, તે સવારે સ્કૂલે જતી હતી. ત્યારે ડાન્સ ટીચર 29 વર્ષીય સંજય અમૃતભાઈ વણકર (રહે. ઘરમ કોમ્પલેક્સ રણછોડનગર સોસાયટી, વાળીનાથ ચોક, કતારગામ, મૂળગામ-બેરણાગામ, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા) તેને બાઈક પર બેસાડી ઘરે લઈ ગયો હતો. જ્યાં દુષ્કર્મ આચર્યું હતું એટલું જ નહીં દિવાળી બાદથી અવાર-નવાર ઘરે લઈ દુષ્કર્મ આચરતો હતો. આ મામલો કતારગામ પોલીસ મથકે પહોંચ્યો હતો. જેમાં પોલીસે અપરિણીત ડાન્સ ટીચર સંજય વણકર સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસમાં ફરિયાદી પક્ષે સરકારી વકીલે મહત્તમ સજાની દલીલ કરી હતી. બંને પક્ષની દલીલ બાદ કોર્ટે પુરાવાના આધારે આરોપી સંજય વણકરને કસૂરવાર ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા અને 40 હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. તેમજ પીડિતને 10.50 લાખનું વળતરનો પણ કોર્ટે આદેશ કર્યો હતો.

બ્રિજ પર...

ત્યારે મિત્ર સાહિલ રાઠોડ બાઈક ચલાવતો હતો. જ્યારે કિશનકુમાર તેની પાછળ બેસેલ હતો. દરમિયાન ઉમરા-સાયણ રેલવે ઓવરબ્રીજ પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ડિવાઈડર સાથે તેમની બાઈક અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો અને કિશનકુમાર બ્રિજ પરથી નીચે પટકાયો હતો. જેથી કિશનકુમારનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે સાહિલને ગંભીરઈજાઓ પહોંચી હતી.

બે દિવસ...

પૈકી ભૂજમાં 16 ડિ.સે.,નલિયામાં 14 ડિ.સે.,કંડલા પોર્ટ પર 19 ડિ.સે.,કંડલા એરપોર્ટ પર 17 ડિ.સે., અમરેલીમાં 19 ડિ.સે.,ભાવનગરમાં 21 ડિ.સે.,રાજકોટમાં 18 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 20 ડિ.સે.,મહુવામાં 19 ડિ.સે., અમદાવાદમાં 21 ડિ.સે.,ડીસામાં 20 ડિ.સે.,ગાંધીનગરમાં 21 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 21 ડિ.સે.,વડોદરામાં 21 ડિ.સે.,અને સુરતમાં 22 ડિ.સે.,અને દમણમાં 21 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

ઘોડદોડ રોડ...

સાથે મળી ગ્રાહકોને શરીર સુખ માણવા મહિલાઓ પુરી પાડે છે અને સ્પાના 2 હાજર તથા શરીર સુખ માણવાના 5500 વસુલે છે તેમાંથી 1 હજાર મહિલાને ચૂકવે છે. પોલીસે દુકાનમાં પાર્ટીશન પાડી બનાવેલી રૂમો ચેક કરતા એક રૂમમાંથી ડમી ગ્રાહક સાથે એક મહિલા મળી આવી હતી. પોલીસે સંચાલક મહિલા વિરુદ્ધ અનૈતિક વ્યાપાર પ્રતિબંધ અધિનિયમ એક્ટ હેઠળ ગુનો નોંધી સ્પાની માલિકને વોન્ટેડ જાહેર કરી હતી. પોલીસે 2000 હજાર રોકડ પણ જપ્ત કરી એક ભારતીય મહિલાને દેહવ્યાપારમાંથી મુક્ત કરાવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ પુતિનનું સ્વાગત કરશે અને તેમના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કરશે.

'આગામી સત્તાવાર મુલાકાત ભારત અને રશિયાના નેતૃત્વને દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરવાની, 'વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારી'ને મજબૂત બનાવવા માટેનું વિઝન નક્કી કરવાની અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક પૂરી પાડશે', એમ એમઈએએ એક નિવેદનમાં જણાવ્યું હતું. મોદી-પુતિન વાટાઘાટોનું કેન્દ્રબિંદુ સંરક્ષણ અને સુરક્ષા, વેપાર અને નાગરિક પરમાણુ ઉર્જા જેવા ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવવા પર કેન્દ્રિત રહેવાની અપેક્ષા છે. યુક્રેન સંઘર્ષ પણ વાટાઘાટોમાં મુખ્ય ભૂમિકા ભજવે તેવી શક્યતા છે.

ભારત રશિયા પાસેથી એસ-400 જમીનથી હવામાં હુમલો કરતી મિસાઈલ સિસ્ટમના વધારાના બેચ ખરીદવાનું વિચારી રહ્યું છે કારણ કે ઓપરેશન સિંદૂર દરમિયાન તે શસ્ત્રો ખૂબ જ અસરકારક સાબિત થયા હતા. એવી પણ શક્યતા છે કે ભારત રશિયા સાથે એસયુ-57 લડાકુ વિમાનના ઓછામાં ઓછા બે સ્કવોર્ડન ખરીદવા અંગે વાત કરે જોકે ભારત સરકારે આના પર હજુ કોઈ અંતિમ નિર્ણય લીધો નથી. ઉપરાંત રશિયાએ તેના ફ્રૂડ ઓઈલ પર ભારતને વધારાની છૂટ આપવાની દરખાસ્ત કરી હોવાનું જાણવા મળ્યું છે.

સચિન GIDCના ઉદ્યોગોને પાવર ટ્રિપિંગની સમસ્યાથી છૂટકારો મળશે

વીજ કંપની દ્વારા સચિન "D" સબ સ્ટેશનમાં 20 એમવીએનું નવું પાવર ટ્રાન્સફોર્મર અને નવી પેનલો ઈન્સ્ટોલ કરાઈ

સુરતઃ સચિન ઈન્ડસ્ટ્રિયલ કો.ઓપરેટિવ સોસાયટી અને સચિન જીઆઈડીસી નોટિફાઈડ બોર્ડના સક્રિય પ્રયાસોને લીધે સચિન જીઆઈડીસીના ઉદ્યોગોને હવે પાવર ટ્રિપિંગની સમસ્યામાંથી છૂટકારો મળશે. સોસાયટીના પ્રમુખ કિશોર પટેલ, ઉપપ્રમુખ નિલેશ ગામી, સેક્રેટરી મયૂર ગોળવાલા અને GIDCના નોટિફાઈડ બોર્ડના ચેરમેન મિતુલ મહેતાના પ્રયાસોને લીધે વીજ કંપનીએ સચિન "D" સબ સ્ટેશનમાં 20 એમવીએનું પાવર ટ્રાન્સફોર્મર અને પેનલો ઈન્સ્ટોલ કરી દીધી છે.

સચિન ઈન્ડસ્ટ્રિયલ કો.ઓ. સોસાયટી લિ. તથા ગેટકો (GETCO) તેમજ ડીજીવીસીએલના સફળ પ્રયાસથી તા.૧૮/૧૧/૨૦૨૫ના રોજ સચિન વસાહતના રોડ નં.6, રોટરી હોસ્પિટલની બાજુમાં આવેલા ગેટકો (GETCO) અધિકૃત 66 કેવી સચિન-D સબ સ્ટેશનમાં હાલ પ્રસ્થાપિત 80 એમવીએ કેપેસિટી સાથે કંટ્રોલ રૂમ એક્સ્ટેન્શનનું નવીનીકરણ કરવામાં આવ્યું હતું. જેથી હયાત વીજભાર 48 મેગાવોટ (11 કેવી લોડ) થી વધીને 80 એમવીએ પ્રસ્થાપિત ક્ષમતા નોંધાઈ છે. સચિન ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં વીજ પુરવઠાની ક્ષમતામાં 20 એમવીએનો વધારો થયો છે. આ સાથે કંટ્રોલ રૂમમાં 16 પેનલ રનિંગ હતી, જેમાં 4 નવી 11 કેવી પેનલ ઈન્સ્ટોલ કરી એક્સ્ટેન્શન કરવામાં આવ્યું છે. આમ નવી જૂની મળી 20 પેનલ કાર્યરત થશે. જેનો સીધો લાભ નવાં